



પીએમ આગમનનું કાઉન્ટ-ડાઉન : આવતીકાલે સાંજે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું આગમન થશે... મંગળવારે સવારે મહાત્મા મંદિર ખાતે આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની પરિષદને સંબોધન કરશે... તેમના આગમનને પગલે મહાત્મા મંદિરને સજાવાઈ રહ્યું છે... પ્રવેશદ્વારથી સભાગૃહ સુધીના વિસ્તારને ભાતીગળ સંસ્કૃતિ અને પર્યાવરણની થીમ પર સજાવવવામાં આવ્યો છે... શહેરમાં આગમનના કાઉન્ટ-ડાઉનની સાથે બંદોબસ્ત ગોઠવાઈ ગયો છે... ઠેર ઠેર કમાનો લગાવાઈ છે... મીની વાયબ્રન્ટનો માહોલ છવાયો છે....

# ગાંધીનગરના સામાજીક જીવન પર જીએસટી ઘેરી અસર કરશે

## જીએસટીના અમલને કારણે એસી, ફ્રિઝ, કાર, વોશીંગ મશીન વગેરે ઉપરાંત લક્ઝ્યુરિયસ હોટેલ વધુ મોંઘા બનશે : જીવનજરૂરી ચીજવસ્તુઓ તથા આરોગ્ય શિક્ષણ પર ટેક્ષમાંથી રાહત અપાઈ છે

ગાંધીનગર, તા. ૨૦

જીએસટી કાઉન્સિલે ટેક્ષ રેટ નક્કી કરી જીએસટીના અમલીકરણમાં મહત્વનું કાર્ય પુરૂ કર્યું છે. આ સંજોગોમાં પાટનગરના સામાન્ય નાગરિકોને જીએસટીમાં કઈ ચીજવસ્તુઓ કે સેવાઓ પર કેટલો ટેક્ષ લાગશે તે મુંઝવણ સતાવી રહી છે. શહેરના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને ટેક્ષ કન્સલટન્ટ બ્રિજેશ ઠાકરના મતે હવે ગાંધીનગરાઓને લક્ઝુરિયસ લાઈફ સ્ટાઈલ મોંઘી પડી શકે છે પરંતુ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ કે સેવાઓ જેવી કે આરોગ્ય, શિક્ષણ વગેરે સસ્તી થતા સામાન્ય નાગરિકોને રાહત રહેશે.

જીએસટી કાઉન્સિલ દ્વારા અગાઉ જણાવાયા મુજબ પાંચ પ્રકારના ટેક્ષ સ્લેબ નક્કી કરાયા છે. જેમાં શૂન્ય ટકા, ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકાના સ્લેબ રાખવામાં આવ્યા છે. જ્યારે કેટલીક ચીજવસ્તુઓ પર કમ્પનસેશન સેસ પણ લાગુ પાડવામાં આવનાર છે. દૂધ, શાકભાજી, ફળ, અનાજ વગેરે પર શૂન્ય ટકાનો ટેક્ષ સ્લેબ હોવાથી આ વસ્તુઓ કરમુક્ત રહેશે. વળી, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રને પણ જીએસટીમાં કરમુક્ત રખાયા છે. જે સામાન્ય માનવી માટે રાહતના સમાચાર છે. બીજી તરફ વૈભવી કાર, વૈભવી હોટેલ્સ વગેરેને હાલના ૧૫ ટકા ટેક્ષના સ્થાને ૨૮ ટકાના સ્લેબમાં મુકાતા તે વધુ મોંઘા બનશે. જોકે રેસ્ટોરન્ટનું ટર્ન ઓવર ૫૦ લાખથી ઓછુ હોય તેને ૫ ટકા જીએસટી દર લાગુ પાડવાની છૂટ રખાઈ છે. બીજી તરફ ફિલ્મ જોવી પણ સસ્તી બનશે પરંતુ રેસ્ટોરન્ટને લગતી મોટાભાગની સેવાઓ પર ૧૮ ટકા ટેક્ષ રેટ રાખવામાં આવ્યો છે.

એરકન્ડિશન્ડ મશીન, વૉશીંગ મશીન જેવી ચીજવસ્તુઓ પર ૨૮ ટકાનો ટેક્ષ નક્કી કરાયો છે. જ્યારે ખાંડ, ચા, કૉફી, એડિબલ ઓઈલ જેવી રોજબરોજની વપરાતી ચીજવસ્તુઓ પર માત્ર ૫ ટકા ટેક્ષ સ્લેબ રખાતા મલ્ટિનેશનલ કંપનીઓને ફાયદો થશે. જો કે હેર ઓઈલ, સાબુ, ટુટપેસ્ટ વગેરે પર ૧૮ ટકા ટેક્ષ હોવાથી આ ફાયદો અહીં સરભર થઈ જશે તેવુ જણાઈ રહ્યુંછે.

આ ઉપરાંત પર્સનલ કેરની ચીજવસસ્તુઓ પર પણ ૨૮ ટકા ટેક્ષ લાગશે અને સિગારેટ પીવી હવે તો વધુ મોંઘી થશે કેમ કે ૨૮ ટકા સ્લેબ પર બીજા ૫ ટકાનો કોમ્પનસેશન સેસ પણ લાગુ પડશે. ઓટોસેક્ટરમાં કાર ખરીદવા પર ૨૮ ટકા ટેક્ષ લગાડાયો છે. જે હાલના ચાલતા દરોની નજીકનો હોવાથી આ સેક્ટરને વધુ ફેર પડશે નહી. એકંદરે જીએસટીના અમલને કારણે વૈભવી જીવનશૈલી વધુ મોંઘી બનશે જ્યારે સામાન્ય માનવીને રાહતના એંધાણ છે.

# પીએમના આગમનના પગલે ગાંધીનગરમાં ધમધમાટ

## મહાત્મા મંદિર ખાતે યોજાનાર આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના કાર્યક્રમથી પુનઃ વાયબ્રન્ટ સમિટ જેવો ધમધમાટ

ગાંધીનગર, તા. ૨૦

મહાત્મા મંદિર ખાતે ૨૩મી મે ના રોજ યોજાનાર આફ્રિકમ ડેવલપમેન્ટ બેંક ગ્રુપના વાર્ષિક સેમીનારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ખાસ ઉપસ્થિત રહેશે. પીએમના ગાંધીનગર આગમનને પગલે શહેરમાં મીની વાયબ્રન્ટ જેવો માહોલ ઉભો થયો છે.

ગત જાન્યુઆરી માસમાં યોજાયેલા વાયબ્રન્ટ સમિટની જેમ જ આફ્રિકન ડેવલપમેન્ટ બેંકનો કાર્યક્રમ ભારે જાજરમાન થવા જઈ રહ્યો છે. આફ્રિકન દેશોના રાજકીય પ્રતિનિધિઓની ઉપસ્થિતિ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. ૨૩મી મે ના રોજ મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ કાર્યક્રમ માટેની તૈયારીઓમાં સમગ્ર તંત્ર ભારે જહેમત કરે છે. સમગ્ર શહેરને સ્વચ્છ કરવાની ઝુંબેશ શરૂ થઈ હોય તેમ દિવસ-રાત શહેરમાં સાફ-સફાઈ ચાલી રહી છે. દબાણોને હટાવી દેવાયા છે. ખાસ કરીને મહાત્મા મંદિરને જોડતા ગ-રોડ અને ખ-રોડની સાફ-સફાઈ અને સજાવટ પાછળ વિશેષ ધ્યાન અપાઈ રહ્યું છે. પાટનગર યોજના વિભાગ સહિત મ્યુ. કોર્પોરેશનના અધિકારીઓ સમગ્ર કામગીરીનું મોનીટરીંગ કરી રહ્યા છે. આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના

● અનુસંધાન પાન-૭ પર




# મહેન્દ્રસિંહના દિલ્હીના તેડા અંગે તેજ અટકળો

ગાંધીનગર,તા.૨૦

'કૉંગ્રેસ આવે છે' અભિયાન સાથે ગુજરાતમાં જિલ્લાવાર કારોબારીની બેઠક યોજાઈ છે. આજે અરવલ્લીમાં જિલ્લા કૉંગ્રેસની કારોબારી મળી ત્યારે બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાની ગેરહાજરીથી અનેક તર્ક-વિતર્ક ઉભા થયા હતા. મળતી માહિતી પ્રમાણે કૉંગ્રેસના સિનિયર નેતા શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહને દિલ્હી હાઈકમાન્ડનું તેડું આવ્યું છે. મહેન્દ્રસિંહ વાઘેલાને અહેમદ પટેલનું તેડું આવ્યું છે. તેના પર પ્રતિક્રિયા આપતા ભરતસિંહ સોલંકીએ કહ્યું કે કૉંગ્રેસના નેતા કયાંય નથી જઈ રહ્યા ઉલટાનું આવતા ૧૦-૧૫ દિવસમાં ભાજપાના નેતાઓ કૉંગ્રેસમાં જોડાશે.

વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ટ્વિટર પરથી રાહુલ ગાંધી સહિતના નેતાઓને જયારથી અનફોલો કર્યા છે ત્યારથી બાપુ ભાજપામાં જોડાશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. અધૂરામાં પૂરું અત્રે નોંધનીય છે કે શંકરસિંહ વાઘેલા વિદેશ જતાં રહેતા અનેક અટકળો વહેતી થઈ છે.

ભરતસિંહે અગાઉ પણ કહ્યું હતું કે ભાજપા ખોટી અફવાઓ ફેલાવે છે. કોંગ્રેસના જે ધારાસભ્યોના નામની અફવાઓ ઉડી છે તેઓ પોતે જાહેરમાં કહી ચૂક્યાં છે કે અમે એકલા હોઈશું તો પણ કોંગ્રેસના જ છીએ. જ્યારે શંકરસિંહ વાઘેલાની વાત કરવામાં આવે તો તેઓ પાર્ટીથી નારાજ નથી. હાલ તેઓ અંગત કારણોને લીધે એક અઠવાડિયા માટે બહારગામ ગયા છે. તેઓ ૨૨મીએ પાછા ફરશે.

# શંકરસિંહ વાઘેલા ગુજરાત પરત ફરતાં જ ગેહલોત સાથે બેઠક કરશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના રાજકારણના સૌથી જૂના સક્રિય નેતા શંકરસિંહ વાઘેલાના કૉંગ્રેસથી કહેવાતા રૂસણાને લીધે રાજકારણમાં આવેલા ગરમાટાને પગલે કૉંગ્રેસે બાપુને મનાવવાની કવાયત આદરી હતી જેમાં હાલપૂરતું તો ઘીના ઠામમાં ઘી પડી ગયું છે. વાઘેલા આગામી ૨૪ કે ૨૫મી મેના રોજ ગુજરાત પરત આવી રહ્યા છે ત્યારે ડેમેજ ક્ધટ્રોલ કરવા કૉંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત આ દિવસો દરમિયાન બાપુ અને કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના આગેવાનો સાથે બેઠકો યોજશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ગુજરાત કૉંગ્રેસ માટે ૨૪ અને ૨૫ મે ઘીના ઠામમાં ઘી પાડનારી બની જવાની અને ૨૪ કે ૨૫ મીએ રાજ્ય પ્રભારી અશોક ગેહલોત સાથે પ્રદેશ પ્રમુખ અને વિપક્ષી નેતાની સંયુકત બેઠક મળશે. રાજ્યસભા માટે વાઘેલાએ પણ દાવેદારી કરી હોવાની અટકળો વચ્ચે આગામી રાજ્યસભા માટે અહેમદભાઈ પટેલનું સિંગલ નામ જ હાઈકમાન્ડને મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

કૉંગ્રેસ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર શંકરસિંહ બાપુ ૨૪ કે ૨૫ દરમિયાન જ ગુજરાત પરત ફરશે આ તારીખે જ રાજ્યભરના ડેમેજ કંટ્રોલ માટે અશોક ગેહલોત અમદાવાદ આવી રહ્યા છે. આ દિવસે ગેહલોતજી સાથે બાપુ અને ભરતસિંહ સોલંકીની વચ્ચે સર્વગ્રાહી મંત્રણા પણ થશે. ૮મી જૂને ગુજરાતમાંથી રાજ્યસભાના ત્રણ સભ્ય માટેની ચૂંટણી યોજવાના છે. આ ચૂંટણીઓ પણ બિનહરીફ જ યોજવાની શકયતા છે.

# વાહન ખરીદ્યા પછી છ માસથી આરસીબુકના ઈંતેઝારમાં વાહનધારકો

## છેલ્લા પાંચ-છ માસથી આરસીબુક ઈશ્યુ કરવા બાબતે આરટીઓ કચેરીના ધાંધિયા : વાહનધારકોને પરેશાની

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર આરટીઓ કચેરીને અદ્યતન બનાવાઈ છતાં હજુ પણ કચેરીની સેવાઓમાં ઝાઝો ફર્ક પડયો હોય તેવું જણાતું નથી છેલ્લા કેટલાક માસથી આરટીઓ કચેરી દ્વારા વાહનોની આર-સી બુક ઈશ્યુ કરવામાં વિલંબ થઈ રહ્યો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. પાંચ-છ માસ પૂર્વે ખરીદેલા નવા વાહનોની આરસીબુક પણ વહનધારકોને હજી સુધી મળવા પામી નથી અને કચેરીએ તપાસ કરતા સીસ્ટમ અપડેશનમાં હતી, જલ્દી આવી જશે જેવા જવાબો પ્રાપ્ત થઈ રહ્યા હોવાની વાહનચાલકો ફરિયાદ કરી રહ્યા છે.

આરટીઓ કચેરી ખાતે આરસીબુકની તપાસ માટે જતા વાહનધારકોને સંતોષકારક પ્રત્યુત્તર પ્રાપ્ત નથી થઈ રહ્યા. જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં નવું વાહન ખરીદનાર ગ્રાહકોને હજુ સુધી વાહનની રજીસ્ટ્રેશન બુક જે હવે ડિજીટલ ફોર્મમાં આપવામાં આવે છે તે મળી નથી. સામાન્ય સંજોગોમાં આરસીબુક પોસ્ટ દ્વારા વાહનધારકના સરનામે મોકલી દેવામાં આવે છે પરંતુ છેલ્લા કેટલાય માસથી આર.સી.બુક ઈશ્યુ કરવામાં નથી આવી. આટલા લાંબા સમયગાળા સુધી આર.સી. બુક ના મળતા વાહનચાલકો, આરટીઓ કચેરી રૂબરૂ જઈને તપાસ કરવા પ્રયત્ન કરે તો 'આપની આરસીબુક ડિસ્પેચમાં છે જલ્દી આવી જશે.' 'સીસ્ટમમાં પ્રોબ્લેમ છે, સીસ્ટમ નથી ચાલતી' અથવા 'સીસ્ટમ અપગ્રેડેશનમાં હતી' જેવા જવાબો મળે છે. કોઈ વાહન ચાલક જો વધુ પ્રયાસ કરે તો તેને એકથી બીજા ટેબલે ફેરવવામાં આવે છે જેના કારણે ગ્રાહકોને સાચી સ્થિતિનો ખ્યાલ આવતો નથી. વળી, કેટલીકવાર તો

● અનુસંધાન પાન-૭ પર

### આરસી બુક ના મળે ત્યાં સુધી વિમો મળતો નથી

વાહન ખરીદ્યા પછી વાહનનો વિમો લીધો હોય તો એ ચાલુ થઈ જાય છે પરંતુ જો આરસીબુક મળે તે પહેલા એકિસડન્ટ થાય તો વિમા કંપની આરસી બુક વગર વિમો પાસ કરતી નથી એટલે તેવા વાહનધારકોની હાલત વધુ કફોડી બને છે. આ સમય દરમિયાન જો વાહન ચોરી થઈ જાય તો વાહનધારકની વિમા કંપની અને પોલિસ વચ્ચે હાલત સુડી વચ્ચે સોપારી જેવી થઈ જાય છે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

હિસાબનીશ (એકાઉન્ટન્ટ)
વેદ વિજ્ઞાન પ્રતિષ્ઠાન, કેશવ ગૌશાળા, રાંધેજા ચોકડી, રાંધેજા, ગાંધીનગર માટે કોમ્પ્યુટર ટેલીના જાણકાર તેમજ મેન્યુઅલ હિસાબો તૈયાર કરી શકે તેવા અનુભવી હિસાબનીશ (એકાઉન્ટન્ટ) બાયોડેટા સાથે રૂબરૂ મળો.
તા. ૨૩/૫/૨૧૭, સાંજના ૫.૦૦ થી ૭.૦૦ કલાકે
મો. : ૯૪૨૮૪ ૮૦૨૮૪

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com